# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 26-03-2025 DAY:WENSDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂં** વાંચે છે.

---

## વિધાનસભા- છ સંગ્રાહાલયો

રાજ્યના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા છ નવા સંગ્રાહલયોનું નિર્માણ પ્રગતિ હેઠળ છે. આ છ સંગ્રાહાલયો પૈકી કચ્છમાં વીર બાળ સંગ્રાહલય સિવાય કેવડિયા ખાતે દેશી રજવાડાઓનું સંગ્રહાલય, કૃષ્ણદેવરાય સંગ્રહાલય, વડનગર સંગ્રહાલય વગેરેનો સમાવેશ થાય છે તેવું આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.પેટા પ્રશ્નનો જવાબ આપતા મુળુભાઇ બેરાએ કહ્યું હતું કે,'ગુજરાત વંદના સંગ્રહાલય'માં ગુજરાતની સ્થાપના અને દેશના વિકાસમાં રાજ્યના યોગદાનની ઝાંખી દર્શાવવામાં આવનાર છે. વર્ષ ૨૦૨૫-૨૦૬ના બજેટમાં રાજ્યમાં હયાત સંગ્રહાલયોના સમારકામ માટે રૂ. ૩૯.૯૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## વિધાનસભા- કચ્છમાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ

કચ્છમાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ વિશે વિધાનસભા ગૃહમાં વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં ૭ હજાર ૪૨૪ હેક્ટર વિસ્તારમાં રૂપિયા ૩ હજાર ૬૫૦ લાખના ખર્ચે ૪૨૭.૫૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાંથી જીવંત રોપાની સંખ્યા ૩૫૪.૬૭ લાખ જેટલી છે. જે અંતર્ગત છેલ્લા એક વર્ષમાં નખત્રાણા તાલુકામાં રૂપિયા ૨૮૩.૯૯ લાખના ખર્ચે કુલ ૭૬૮ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

--------------------------------------------------------------------------------

## કચ્છ અભયારણ્ય - કૃત્રિમ વોટર પોઈન્ટ

કચ્છમાં ઉનાળાની શરૂઆત થતા વન્ય જીવોને પાણી માટે મુશ્કેલી ન સર્જાય તે માટે વન વિભાગે વિશેષ વ્યવસ્થા કરી છે. વન વિભાગે કચ્છના અભયારણ્ય અને જંગલ વિસ્તારમાં 80 કૃત્રિમ વોટર પોઈન્ટ બનાવ્યા છે. આ પોઈન્ટ્સ પર ટેન્કર દ્વારા નિયમિત પાણી પહોંચાડવામાં

આવે છે. વન્યજીવોની સુરક્ષા માટે દરેક વોટર પોઈન્ટ પર ટ્રેપ કેમેરા લગાવવામાં આવ્યા છે. પશ્ચિમ કચ્છ વન વિભાગના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલાના જણાવ્યા મુજબ, સારા વરસાદને કારણે કુદરતી જળસ્ત્રોતોમાં હજુ પાણી છે. પરંતુ વધતી ગરમીને ધ્યાનમાં રાખીને વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. વન વિભાગે નાગરિકોને પણ અપીલ કરી છે કે ગરમીથી અસરગ્રસ્ત કે ઘાયલ પશુ-પક્ષીઓ જોવા મળે તો વન વિભાગની હેલ્પલાઈન પર તાત્કાલિક જાણ કરે. સાથે જ લોકોને પોતાના ઘર આસપાસ પશુ-પક્ષીઓ માટે પાણીના વાસણ મૂકવાની અપીલ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## અબડાસા – ઘઉં નું વાવેતર

અબડાસા તાલુકામાં શિયાળા પાક માટે અંદાજે 10 હજાર હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું હતું. હવે પાક તૈયાર થતા વિશાળ હાર્વેસ્ટર મશીન દ્વારા કાપણી શરૂ કરાઇ છે. સમગ્ર તાલુકામાં 100 કરોડથી વધુ ઘઉંનું ઉત્પાદન થયું હોવાનો અંદાજ છે. જથ્થાબંધ ઘઉં ખરીદવા સ્થાનિક અને ગુજરાતના વેપારીઓ સાથે દક્ષિણ ભારતના વેપારીઓ પણ અબડાસા આવ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અબડાસામાંથી દરરોજ 20 જેટલા મોટા કન્ટેનરોમાં ઘઉં ખેતરોમાંથી ભરાઈ રહ્યા છે .

---------------------------------------------------------------------------------------

## આદિપુર - રામબાગ હોસ્પિટલ ક્યુંઆર કોડ કાર્યરત

આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં દર્દીઓની સગવડ માટે ક્યુઆર કોડ સિસ્ટમ કાર્યરત કરી દેવામાં આવી છે. મોબાઈલ એપના માધ્યમથી ક્યુઆર કોડ સ્કેન કરીને ઓપીડી રજીસ્ટ્રેશન કરાવી શકાશે અને અલગ વિન્ડો ઉપરથી ટોકન બતાવતાની સાથે જ કેસ પેપર આપી દેવામાં આવશે. રામબાગ પ્રશાસન દ્વારા ગઇકાલે આ ક્યુઆર કોડ સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, અને ટોકન નંબર ઉપરથી પાંચ કેસ પેપર કાઢવામાં આવ્યા હતા. સિસ્ટમ કાર્યરત લોકોને લાંબા સમય સુધી લાઈનમાં ઊભા રહીને કેસ પેપર કઢાવવાની ઝંઝટમાંથી છુટકારો મળશે.

---------------------------------------------------------------------------------------

## પશ્ચિમ કચ્છ અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી

પશ્ચિમ કચ્છ પોલીસે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના આદેશ અનુસાર અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે 767 આરોપીઓની યાદી તૈયાર કરી છે. આ કાર્યવાહી અંતર્ગત 164 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલવે-સમય

ફેરફાર પશ્ચિમ રેલવે દ્વારા પરિચાલનીક કારણોથી અમદાવાદ ડિવિઝનના વિવિધ સ્ટેશનોથી ચાલતી /પસાર થતી કેટલીક સ્પેશિયલ ટ્રેનોના આગમન અને પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં કર્યો છે. જે મુજબ 28 માર્ચના ટ્રેન નંબર શુન્ય 9451 ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ગાંધીધામથી સાંજે 5 વાગ્યાને 40 મિનિટના બદલે સાંજે 6 અને 25 મિનિટે ઉપડશે

-----------------------------------------------------------------------------------------

## પશ્ચિમ રેલવે- ટ્રેન અવધિ લંબાવાઈ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ અને ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશ્યલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા છે જે મુજબ ટ્રેન નંબર શુન્ય 9 4 1 6 ગાંધીધામ-બાંદ્રા ટ્રમિનસ સપ્તાહિક સ્પેશ્યલ અને ટ્રેન નંબર શુન્ય 9 4 1 5 બ્રાંદ્રા ટર્મિનસ- ગાંધીધામ સપ્તાહિક સ્પેશિયલને 26 જુન સુધી લંબાવવામાં આવી છે આ બન્ને ટ્રેનો અગાઉ 27 માર્ચ સુધી સૂચિત કરવામાં આવી હતી જેને લંબાવવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## મુન્દ્રા - લુણંગદાદા નો મેળો

મુન્દ્રા તાલુકાના લુણી ગામ પાસેના પ્રાચીન તીર્થધામ લુણંગધામ ખાતે 31 માર્ચના પરંપરાગત લુણંગદાદા યાત્રા અને ગણેશ દેવનો બે દિવસીય મેળો ભરાશે . મેળાની રાત્રે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માન કાર્યક્રમ, ધજા, કળશ, હિંડોળાના ચડાવા, મહાનુભાવો અને ધર્મગુરુઓની વાણી દ્વારા જ્ઞાન ચર્ચા જ્ઞાન કથન યોજાશે.

-----------------------------------------------------------------------------------------

# અંજાર નગરપાલીકા સામાન્ય સભા

**અંજાર નગરપાલિકા દ્વારા ગઇકાલે યોજાયેલી ખાસ સામાન્ય સભામાં 165 કરોડના બજેટને સર્વાનુમતે બહાલી અપાઇ હતી.**

**------------------------------------------------------------------------------------------**